**ફોજદારી કેસ નં. 837/2025**

## <u>આંક–૧ લગત હુકમ</u>

1 કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો.

2 આ કામના આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ ની કલમ–૬૬ (૧) (બી) હેઠળના ગુનાનો આક્ષેપ છે. સદર કેસનો અભ્યાસ કર્યો. આ કેસ પોલીસ તપાસના આધારે ચાર્જશીટ માંડવામાં આવેલ સમન્સ ટ્રાયબલ કેસ છે. આ કેસમાં ચાર્જશીટ દાખલ થયા બાદ વિતેલા સમય દરમ્યાન આરોપીને હાજર રાખવા પ્રોસેસ / સમન્સ/વોરંટ/નોટીસની બજવણીની પુરતી તકો આપેલી હોવા છતા ફરીયાદપક્ષ બજવણી કરાવીને આરોપીને હાજર રાખવા નિષ્ફળ ગયેલ છે. વારંવર પ્રોસેસ કાઢવા છતા આજદિન સુધી પ્રોસેસની બજવણી બજાવી શકેલ નથી. સદર કેસ પાછળ આ અદાલતે યોગ્ય અને વ્યાજબી સમય ફાળવેલો છે તેમજ નજીકના ભવિષ્યમાં પણ ફરીયાદપક્ષ આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરી આરોપીને અદાલતમાં હાજર રાખી શકે તેવી શક્યતા જણાતી નથી. કેસનુ રેકર્ડ વેંચાણે લેતાં, કેસમાં પુરાવો નોધેલ નથી તથા પોલીસ લાંબા સમયથી આરોપીને હાજર રખાવી શકેલ નથી. આથી આ કેસની વધુ કાર્યવાહી થઇ શકતી નથી અને આ કેસ મ્રુતપાય અવસ્થામાં કોર્ટમાં પેન્ડીંગ રહેલ છે. જ્યારે આરોપી સામે હાલની ફરીયાદ નજીવા ગુનાની સામાન્ય ફરીયાદ હોવાથી ઈન્સાફી કાર્યવાહી વધુ સમય સુધી પેન્ડીંગ રાખવાથી કોઈ ફળદાયક પરીણામ નિકળે તેમ જણાતું નથી.

3. ઉપરોક્ત ગુનાનો પ્રકાર તથા તેની સજાની જોગવાઇ તેમજ રેર્ડ પરની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા પોલીસ દ્બારા આરોપીને સમન્સ/વોસ્ટ/ નોટીસની બજવણી કરીને કોર્ટ માં હાજર રાખી શકાવેલ નથી. આમ ફરીયાદી, આરોપીને તથા ફરીયાદપક્ષને પુરતી અને વ્યાજબી તક આપવા છતા મુદત સમયે પુરાવો રજુ રાખવા હાજર થયેલ ન હોય જે કારણે ફેસની ન્યાયિક કાર્યવાહીમાં વિલંબ થયેલ છે. વધુમાં સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઇ ચંદુભાઇ પટેલ ૧૯૯૭(૩) જી એલ આર ૧૯૪૬ તથા નામદાર સુપ્રિમ કોર્ટના રેણુકા વિ. સ્ટેટ ઓફ કર્નાટકા (ક્રીમીનલ અપીલ નં. ૩૨૯/૨૦૦૯)માં પ્રસ્થાપિત કરેલા સિધાન્તો જોતા આરોપી સામેનો કેસ સમન્સ ટ્રાયબલ હોય તેમજ ઘણા લાંબા સમય બાદ પણ કેસની કાર્યવાહી આગળ વધી શકેલ ન હોય તેવા સંજોગોમા હાલના ગુનાની ગંભીરતા વિગેરે જોતા કેસની આગળની કાર્યવાહી કોજઘરી કાર્યરીતી અધિનિયમ ૨૫૮ અન્વયે સ્થગિત કરવી જોઇયે. તથા હાલના કેસની હકીકત તથા સંજોગો, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તથા કાયદાની જોગવાઇને ધ્યાને લેતા. કાર્યવાહી આ તબક્કે બંધ કરવી ન્યાયોચિત જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

1. **આથી હાલના કેસની કાર્યવાહી સી. આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે સ્થગિત કરી આરોપીને છોડી મુકવામાં આવે છે.**

2. આરોપીના જામીન ખત રદ ગણવા તથા જામીનની રોકડ જે કોઈ હોય તે સરકાર ખાલસા કરવી,

હુકમ આજરોજ તારીખ–૧૩ થી, માહે ડિસેમ્બર સને–૨૦૨૫ ના રોજ યોજાયેલ નેશનલ લોક અદાલત માં સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળ:–વિરમગામ.
તા. ૧૩ / ૧૨ / ૨૦૨૫.

( કિર્તી શર્મા)
સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ તથા
એડી.જયુડીશ્યલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસ, વિરમગામ.
Code No. GJ01721